## એપ્રિલ -દિન વિશેષ

### જયંત કોઠારી



ગુજરાતી સાહિત્ય વિવેચક અને સંપાદક જયંત કોઠારીનું અવસાન પહેલી એપ્રિલ ૨૦૦૧ના રોજ થયું હતું. આજે તેમની પૂણ્યતિથી છે. તેમનો જન્મ અઠ્ઠાવીસ જાન્યુઆરી ના રોજ રાજકોટમાં થયો હતો. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ રાજકોટમાં મેળવ્યું હતું. ઈ.સ. ૧૯૫૭ માં ગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાંથી બી.એ. અને ઈ.સ. ૧૯૫૯ માં એમ.એ પાસ કર્યું. ઈ.સ. ૧૯૭૭ માં ગુજરાત યુનિવર્સિટીમાંથી લિંગ્વિસ્ટિક્સનો ડિપ્લોમાં થયા. ઈ.સ.૧૯૪૯-૫૪ રાજકોટમાં કટલરીની દુકાન હતી. સાથે સાથે રાજકોટમાં રેલવે ક્લેઈમ્સ એજન્ટ પણ હતા . ઈ.સ.૧૯૫૯-૬૨ માં અમદાવાદની પ્રકાશ આર્ટસ કોલેજમાં અને ગુજરાત લૉ સોસાયટીની કૉલેજોમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સેવા આપી હતી.ઈ,સ. ૧૯૮૦ થી ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તૈયાર થતાં 'ગુજરાતી સાહિત્યકોશ'ના પ્રથમ ભાગ સાથે જોડાયેલ હતા. એમણે નટુભાઈ રાજપરા સાથે રહી લખેલો 'ભારતીય કાવ્યસિદ્ધાંત' ગ્રંથ મહત્વનો સંદર્ભગ્રંથ છે. પાશ્ચાત્ય કાવ્યમીમાંસાના અભ્યાસ-નિમિત્તે લખાયેલી બીજા ગ્રંથ 'પ્લેટો-એરિસ્ટોટલની કાવ્યવિચારણા' માં બે ગ્રીક સાહિત્યચિંતકોની કાવ્યવિચારણાની તપાસ છે. આ ઉપરાંત 'ઉપક્રમ','અનુક્રમ' ,'વિવેચનનું વિવેચન' ,'અનુષંગ' અને 'વ્યાસંગ' વગેરે પુસ્તકો તેમણે લખ્યા હતા.'ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ' એ ભાષા સાથે ગુજરાતી ભાષાનો વિશદ રીતે પરિચય કરાવતું સારું પાઠ્યપુસ્તકછે.'સુદામાચરિત્ર', 'નિબંધ અને ગુજરાતી નિબંધ', 'ટૂંકીવાર્તા અને ગુજરાતી ટૂંકીવાર્તા', 'એકાંકી અને ગુજરાતી એકાંકી', 'કાન્ત વિશે', 'જૈન ગુર્જર કવિઓ' ઈત્યાદિ એમના સંપાદન તથા સહ-સંપાદનના ગ્રંથો છે

### સ્વામી સહજાનંદ



સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુ સ્વામી સહજાનંદનો જન્મ સવંત ૧૮૩૭ના ચૈત્રી સુદ નોમ (રામનવમી)ને બીજી એપ્રિલ ૧૭૮૧ના રોજ ઉત્તરપ્રદેશના અયોધ્યા નજીક આવેલા છપૈયા ગામમાં થયો હતો. પૂર્વાશ્રમમાં તેમનું નામ હરિકૃષ્ણ હતું. ઈ.સ. ૧૯૨૦-૨૪ ના સમયગાળામાં તેમણે સૌરાષ્ટ્રમાં આવી ગઢડા અને અન્ય સ્થળોએ ફરી ઉપદેશ અને વચનો આપ્યા. તેનો તેમના શિષ્યો હાથે જે સંચય થયો તે ' વચનામૃત' નામે ઓળખાય છે. તેઓ સ્વામીનારાયણ સંપ્રદાય ના સ્થાપક તેમ જ પ્રર્વતક હતા. સહજાનંદ સ્વામી તે સમયે ગુજરાતમાં પોતાની આગવી રીતે સમાજ સુધારણાનું કાર્ય કર્યું હતું. નીતિશુધ્ધ આચાર વિચારની સામાન્ય જનમાનસ ઉપર તેમનો ચિરસ્થાયી પ્રભાવ પડ્યો હતો. ઉપદેશ, વૈરાગ્ય અને કલાની દ્રષ્ટીએ કેટલુક પ્રણય સાહિત્ય રચ્યું. સહજાનંદ કવિઓને હાથે આકર્ષક શૃંગારના પડો મળ્યા છે. ' વચનામૃત' માં જ્ઞાન , ભક્તિ અને વૈરાગ્યનો ત્રિવેણી સંગમ થયો છે. આજથી એકસો ચાલીસ વર્ષ પહેલાં સૌરાષ્ટ્રમાં બોલતા ગુજરાતી ગદ્યની લઢણ આ પ્રવચનોમાં યથાવત જળવાઈ રહી છે. વચનામૃત

ઉપરાંત ' શિક્ષાપત્રી'માં પણ નીતિ વ્યવહાર અને આચારવિચાર અંગેના તેમના ઉપદેશો સંગ્રહિત થયા છે. આ ગ્રંથમાં ૧૯મી સદીના ઉતરાર્ધમાં ઉદય પામતા ગુજરાતી પદ્યની અનેક લાક્ષણિકતા જોવા મળે છે. સ્વામીએ અંધશ્રધ્ધામાં સબડતા સમાજનો ઉધ્ધાર કરવાના અનેક પ્રયત્નો ગુજરાતમાં કર્યા છે. ' શિક્ષાપત્રી' માં સહજાનંદ સંપ્રદાયના સાધુઓ અને સંત્સંગી માટે માર્ગદર્શક સિદ્ધાંતો આપ્યા છે. ' વેદરહસ્ય' માં સાધકને નડતા વિધ્નોની વાત કરી છે. તેઓ સવંત ૧૮૮૬ના જેઠ સુદ દશમને ૨૮ જુન ૧૮૩૦ના રોજ અવસાન થયું હતું.

## જમશેદજી માણેકશા




ભારતીય સૈન્યના ભૂમિદળનાભૂતપૂર્વ વડા જનરલ સામ હોરમસજી ફ્રામની જમશેદજી માણેકશાનો જન્મ તા. 3/૪/૧૯૧૪ના રોજ અમૃતસરમાં થયો હતો. પિતાનું નામ હોરમસજી હતું. તેમણે અમૃતસરની કોલેજમાં શિક્ષણ લીધું હતું. પિતાની જેમ તેમને ડોક્ટર થવું હતું પરંતુ દહેરાદૂનમાં ઉપડેલી ઇન્ડિયન મિલિટરી એકેડમીમાં નામ નોધાવ્યું. તેમાં પસંદગી થઇ અને તેમના જીવનની દિશા બદલાઈ ગઈ. ઈ.સ. ૧૯૩૪મ કમિશન્ડઓફિસર બન્યા બાદ કેપ્ટન બન્યા. ઈ.સ. ૧૯૪૨માં જાપાને મ્યાનમાર (બ્રહ્મદેશ) પર આક્રમણ કર્યું ત્યારે તેમણે અસાધારણશૌર્યનો પરિચય કરાવી ઘાયલ થવાનું પસંદ કર્યું. આ સમયે અંગ્રેજી સેનાપતિએ તેમના બચવાની આશા છોડી દીધી હતી. તેમનું મરણોત્તર બહુમાન કરવાને બદલે હયાતીમાં જ બહુમાન કરવાની ભાવનાથી પ્રેરાઈને ૧૭મી ડિવિઝનના કમાન્ડર મેજર જનરલ હોવાને યુદ્ધભૂમિ પર પોતાનો મિલિટરીક્રોસ માણેકશાના પોશાક પર લગાડી દીધો અને લશ્કરી ઐતિહાસિકની એક અન્ય ઘટનાને આકાર લીધો. ૨૨ ફેબ્રુઆરી ૧૯૪૨ના રોજ યુદ્ધભૂમિ પર મિલિટરી ક્રોસ મેળવવાનું વિરલ તેમણે પ્રાપ્ત થયું હતું.માણેકશા વતનમાં પાછા આવ્યા ત્યારે અહી ઐતિહાસિક પરિવર્તન થઇ રહ્યું હતું. દેશમાં ભાગલાના અને અંગ્રેજોની વિદાયના ભણકારા વાગી રહ્યા હતા. ભારત સ્વતંત્ર થતાં જ પાકિસ્તાને કાશ્મીર પર આક્રમણ કર્યું. તેનો જવાન આપવા માટે ફરી એક વખત માણેકશાને તક મળી.

તેમને ઈ.સ. ૧૯૬૨માં ચીની આક્રમણ વેળા નેફા મોરચે નોંધપાત્ર કામગીરી બાદ વિવાદ ઉભો થયો. સંરક્ષણપ્રધાન કૃષ્ણમેનન દ્વારા ત્રણ સભ્યોનું તપાસપંચ તેમની સામે નીમવામાં આવ્યું. અલબત્ત પંચે તેમણે નિર્દોષ ઠેરવ્યા અને ઘટના બાદ તેમનો અસાધારણ હિંમત, યુદ્ધનિપુણતા અને વ્યવસ્થાશાક્તિની કદર રૂપે તેમણે લેફ્ટનન્ટ જનરલનો હોદ્દો એનાયત થયો. ત્યારપછી તેઓ ઈ.સ. ૧૯૬૪માં જનરલ ઓફિસર કમાન્ડીંગ તરીકે લશ્કરના પશ્ચિમવિભાગના અને ઈ.સ. ૧૯૬૫માં લશ્કરમાં પૂર્વ વિભાગના વડા બન્યા.ઈ.સ. ૧૯૬૯ સુધીમાં તેઓ સેનાધિપતિ બન્યાં.આ સૌમાં તેમની ઈ.સ. ૧૯૭૧ની શિરમોર કારકિર્દી ભારે યશસ્વી નીવડી બાંલાદેશના સર્જન પૂર્વ ડીસેમ્બર ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાનમાં પાકિસ્તાનની લશ્કર સાથે ૧૨ દિવસનું યુદ્ધ ખેલીને તેમણે ભારતને વિજયી બનાવ્યું. ગુજરાતી ઉપરાંત

પંજાબી,પુશ્તો,ગોર્ખાલી, હિન્દી અને અંગ્રેજી ભાષાઓ ઉપર એમને અચ્છો કાબૂ હતો. તેમને ઈ.સ. ૧૯૬૭માં' પદ્મભૂષણ ' નો ખિતાબ , ઈ.સ. ૧૯૭૨માં ' પદ્મભૂષણ'નો અને ઈ.સ. ૧૯૭૦માં અમેરિકન એવોર્ડ એ ઈ.સ. ૧૯૭૯માં ' શક્તીપદ ઓવ નેપાળ' એવોર્ડ મળ્યો હતો. તેમનું અવસાન તા. ૨૭/૬/૨૦૦૮નારોજ થયું હતું.

## ડૉ. ગૌતમ પટેલ

સંસ્કૃત ભાષા અને સાહિત્યનુ વિવિધ માધ્યમો દ્વારા સંવર્ધન કરનાર ડૉ. ગૌતમ પટેલનો જન્મ તા.૪/૪/૧૯૩૬ના રોજ અમદાવાદમાં થયો હતો. પિતાનું નામ વાડીલાલ અને માતાનું નામ મહાલક્ષ્મીબહેન હતું. તેઓ ગુજરાત રાજ્યની સંસ્કૃત સાહિત્ય અકાદમી તથા અમદાવાદની સંસ્કૃત સેવા સમિતિના અધ્યક્ષ છે. અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષપદેથી ઈ.સ.૧૯૯૬માં નિવૃત થયાં. સંસ્કૃત ભાષા તથા સાહિત્યના અદ્વિતીય ઉપાસક તથા ચારેય વેદના પારંગત પ્રજ્ઞાચક્ષુ બ્રહ્મલીન સ્વામી શ્રી ગંગાશ્વરાનંદજી મહારાજ ઉદાસીનતા તેઓ પ્રિય શિષ્ય છે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પરિસંવાદો તથા અધિવેશનોમાં ઉપસ્થિત રહી તેઓએ અભ્યાસપૂર્ણ લેખો તથા શોધપત્રો, મૌલિકતા તથા રજૂઆતને કારણે વિદ્વજ્જનોમાં સારા એવા પ્રમાણમાં પ્રશસ્તિ પામ્યા છે. ફિલાડેલ્ફીયા, ન્યુયોર્ક, બોસ્ટન, વિન્ડસર, શિકાગો, ઓક્સફર્ડ , કેમ્બ્રિજ, વિયેના વગેરે વિશ્વવિખ્યાત વિદ્યાપીઠોની તેમણે મુલાકાત લીધી છે. અને અનેક સ્થળો વ્યાખ્યાનો આપ્યા છે. એમના પૂ.ગુરુદેવ સ્વામી શ્રી ગંગાશ્વરાનંદજીની જેમ જ તેમણે સંસ્કૃત ભાષા તથા સાહિત્યના દરેક પાસાનો ઊંડો અને તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. વેદ, ઉપનિષદ, ભગવદગીતા, ભાગવત તથા ત્રણેય આચાર્યોના દર્શનના અભ્યાસ ઉપરાંત ભાસ, કાલિદાસ, ભવભૂતિ તથા જગન્નાથ જેવા સાહિત્ય સ્વામીઓની કૃતિઓનું પણ મનન કર્યું છે. તેમણે ગુજરાતી, અંગ્રેજી, હિન્દી તથા સંસ્કૃત ભાષાઓમાં લગભગ ૮૪ ગ્રંથોનું તેઓએ નિર્માણ કર્યું છે. ગૌતમભાઈએ દીર્ઘ સમી સુધી સંસ્કૃતના વિષયનું અધ્યાપન કર્યું છે. એ રીતે શિક્ષણના માધ્યમથી તો એમને આ દેવભાષાનો મહિમા કર્યો જ છે. તેમના રસિક અને સુંદર વાચ્છટાધરાવતા વક્તવ્યથી અનેક વિદ્યાર્થીઓને આ વિષયમાં રસ લેતા કરીને નવી પેઢીને તૈયાર કરી છે. સંસ્કૃત ભાષા સાહિત્યના સંવર્ધન માટેની પ્રવૃત્તિ કરવા માટે એમને સંસ્કૃત સેવા સમિતિની સ્થાપના કરી હતી. તેના નેજા હેઠળ તેમ જ સુંદર, ઉપયોગી પ્રકાશનો કર્યા હતા. તેમણે પોતાની આ પુસ્તકાલય પ્રવૃત્તિમાં સંસ્કૃતના અન્ય વિદ્વાનોને પણ સામેલ કર્યા હતા. મહાકવિ કાલિદાસના ' કુમારસંભવ' પરથી વલ્લભદેવની ટીકા , છાંદોગ્ય ઉપનિષદ પરનું સાયણાચાર્યનું ભાષ્ય' વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ' , ' આદિ શંકરાચાર્ય' , વદનો વારસો વૈભવ' , ' યોગેશ્વર ગંગાશ્વાનંદ, આદિ એમની કેટલીક પ્રશસ્ય કૃતિઓ છે. ઈ.સ. ૨૦૦૯માં ગુજરાતની સોમનાથ યુનિવર્સિટી તરફથી તેમણે ડી લીટ ની પદવી એનાયત થયેલ છે.

## ધનસુખલાલ પારેખ

ગુજરાતી કવિ તથા બાળ સાહિત્યકાર ધનસુખલાલ પારેખનો જન્મ તા. ૫/૪/૧૯૩૪ના રોજ વલસાડમાં થયો હતો. પિતાનું નામ મગનલાલ હતું. તેમને સોનીનો હતો. તેમણે આઠ સુધીનો અભ્યાસ કરેલો. તેમનો ' મારે પણ એક દીકરી હોય' પ્રથમ

કાવ્યસંગ્રહ છે. ત્યારપછી 'ઝાકળભીનો ઉજાસ' અને ' અયોધ્યાથી અરણ્ય' જેવા હાઈકુસંગ્રહ આપ્યા છે. ' હાસ્યઝલક' એ તેમનો નિબંધસંગ્રહ છે. તેમનું વિશેષ પ્રદાન સાહિત્યમાં બાળ કાવ્યમાં ક્ષેત્રે છે. બાળકના મનને જાણનાર આ કવિએ બાળકોનું મનોરંજન અને મનોઘડતરનું કાર્ય બાળકાવ્યો દ્વારા ઉમદા રીતે કર્યું છે. તેમના ' પાંદડે પોઢ્યા પતંગીયા'ને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો છે. આ ઉપરાંત ' તારી મારી દોસ્તી', કેવી મજા ભૈ કેવી મજા', 'ડમ ડમ ડીગા ડીગા' , ' નાચો કૂદો ગાઓ', ' ગીત ગાતું ઝરણું' ,' સુરસુરિયા', ' દૂધ પૌઆ',, હીંચકે ઝૂલે ચકીબાઈ', અને ચોકલેટનો ફાળ' તેમના બાળ કાવ્યસંગ્રહો છે. તેમનું બાળભોગ્ય ભાષા તેમ જ લયઢાળો પરનું પ્રભુત્વ પ્રશંસનીય છે.

## ચં. ચી. મહેતા



ગુજરાતી કવિ, નાટ્યકાર, આત્મકથાકાર, વિવેચક, પ્રવાસલેખક ચંદ્રવદન ચીમનલાલ ચંદ્રવદન ચીમનલાલ (ચં. ચી. મહેતા) નો જન્મ તા. ૬/૪/૧૯૦૧ના રોજ સુરતમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ વડોદરામાં અને માધ્યમિક શિક્ષણ સુરતમાં મેળવ્યું હતું.ઈ.સ.૧૯૧૯માં મૅટ્રિક ની પરીક્ષા પાસ કરી ઈ.સ.૧૯૨૪ માં મુંબઈ ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથીગુજરાતી વિષય સાથે બી.એ. પાસ થયા. ઈ.સ.૧૯૩૩ થી ૧૯૩૬ સુધી મુંબઈની ન્યૂ એરા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા.મુંબઈ તેમ જ અમદાવાદ 'આકાશવાણી'ના નિયામક તરીકે સેવા આપી હતી. નિવૃત્તિ બાદ મ.સ. યુનિવર્સિટી અનેગુજરાત વિદ્યાપીઠના નાટ્યવિભાગ સાથે સંકળાયેલ રહ્યા હતા.તેમણે 'અખો' , 'મૂંગી સ્ત્રી' , 'અખો વરવહુ અને બીજાં નાટકો' , 'આગગાડી', 'રમકડાંની દુકાન' ,'નર્મદ' , 'નાગાબાવા' , 'પ્રેમનું મોતી અનેબીજાં નાટકો' , 'સીતા', 'શિખરિણી' , 'પાંજરાપોળ' , 'મેનાપોપટ અથવા હાથીઘોડા' , 'રંગભંડાર' , 'સોનાવાટકડી' , 'માઝમરાત' , 'મદીરા' (મિડિયા) , 'કિશોર નાટકો'- ભા. 1-2 , સતી' (૧૯૬૦), 'કરોળિયાનુંજાળું' , 'ધરાગુર્જરી', 'અંદરઅંદર' , 'સંતાકૂકડી' જેવા ઓગણત્રીસ જેટલા નાટ્યગ્રંથો આપ્યા છે. નાટકકાર તરીકેની એમની સિદ્ધિ હાસ્યરસમાં છે અને હાસ્યરસમાં પણ એમનેઅટ્ટહાસ વિશેષ ફાવે છે. તેમણે 'યમલ' ચૌદસૉનેટોનો સંચય છે. 'ઇલાકાવ્યો' માં 'યમલ'નું પુનમુર્દ્રણ અને 'કંચનજંઘા'નીસૉનેટમાલા સમેત કુલ પાંત્રીસ સૉનેટ છે.'ચાંદરણાં' બાલગીતસંગ્રહ છે તો 'રતન' સળંગ પૃથ્વી છંદમાં ૧,૬૩૬ પંક્તિનું કથાકાવ્ય છે. 'ખમ્માબાપુ' અને 'વાતચકરાવો' કથાસંગ્રહો છે; તો 'મંગલમયી' (૧૯૭૫)માં ત્રણસત્યકથાઓ સંચિત થયેલી છે. એમણે 'જીવતી પૂતળીઓ' નવલકથા પણ આપી છે. ઈ.સ.૧૯૭૮માંગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પસંદગી થઇ.ઈ.સ.૧૯૩૬માં રણજિતરામસુવર્ણચંદ્રક,ઈ.સ.૧૯૪૨-૪૬નો નર્મદચંદ્રક અને ઈ.સ.૧૯૫૦માં કુમારચંદ્રકનો અસ્વીકાર કર્યો. આ ઉપરાંત ઈ.સ.૧૯૭૧માંસાહિત્યઅકાદમી, દિલ્હીનોપુરસ્કાર પણ એનાયત થયો હતો.

## વિજયરાય વૈદ્ય



ગુજરાતી સાહિત્ય, વિવેચન કલાના આર્દ્ર દ્રષ્ટા વિજયરાય વૈદ્યનો જન્મ

gnanbhandar.com

તા. ૭/૪/૧૮૯૭નારોજ ભાવનગરમાં થયો હતો. પિતાનું નામ કલ્યાણરાય હતું. પ્રાથમિક શિક્ષણ ભાવનગરમાં લીધું હતું. તેઓ ભાવનગર કોલેજમાંથી અંગ્રેજી સંસ્કૃત વિષય સાથે બી એ થયા. આ સમયગાળામાં સાહિત્યનો રંગ તો લાગી જ ગયેલો અને લેખનપ્રવૃત્તિ પણ શરૂ કરી હતી. બટુભાઈ ઉમરવાડીયાના ' ચેતન' માં સહતંત્રી તરીકે જોડાયા.ઈ.સ. ૧૯૨૨થી બે વર્ષ મુનશીના ' ગુજરાત'માં વ્યવસ્થાપક અને સહતંત્રી તરીકે સેવા આપી હતી. ત્યારપછી ઈ.સ. ૧૯૨૪માંએમને ' કૌમુદી' ત્રિમાસિક ની શરૂ કર્યું. ઈ.સ. ૧૯૨૪ થી ૧૯૩૭ સુધીમાં તેર વર્ષ સુધી ' કૌમુદી' માસિક દ્વારા સાહિત્યની સેવા કરી. ઈ.સ. ૧૯૩૭થી ૧૯૪૯ સુધી એમણે સુરતની એમ.ટી.બી. કોલેજમાં અધ્યાપનકાર્ય કર્યું હતું. આ દરમ્યાન તેઓ ' માનસી' માસિક ચલાવતા હતા. પત્રકારત્વે વિજયરાય વિવેચન કાર્યને એક ગતિ આપી. ' સાહિત્ય દર્શન', 'જૂઈ અને કેતકી' એમના વિવેચનકાર્યના સૌથી નોંધપાત્ર વિવેચનગ્રંથો છે. વિવેચન પરત્વે સર્જનાત્મક દ્રષ્ટીકોણ તેમના વિવેચનાની એક મહત્વની વિશેષતા છે. પોતાની આગવી વિવેચનશૈલી દ્વારા સાહિત્યજગતમાં સ્થાન મેળવ્યું. તેઓ નિર્ભીક અને વિદ્વાન વિવેચક હતા. તેમણે નિબંધો, હળવી નિબંધીકાઓ , સંશોધન, ચરિત્રો અને પ્રવાસ ક્ષેત્રે પણ કલમ ચલાવી છે. આ વિષયોમાંતેમના સર્જકક્ષેત્રે પણ કલમ ચલાવી હતી. આ વિષયોમાં તેમના કેટલાક ધ્યાનપાત્ર પુસ્તકો પ્રગટ થયા હતા. તેમના સર્જનક્ષેત્રે સૌથી વિશેષ નોંધપાત્ર તો છે ' ગુજરાતી સાહિત્યની રૂપરેખા' તેમાં ગુજરાતી સાહિત્યનો મધ્યકાળથી માંડીને અર્વાચીનકાળ સુધીનો ઈતિહાસ આપવા ઉપરાંત તેની સરસ રીતે વિવેચના પણ કરી. તેમણે ' નીલમ અને પોખરાજ ', માણેક અને અકીક' બે પકીર્ણલેખસંગ્રહો લખ્યા છે. ' વિનોદકાંત' ઉપનામથીતેમણે ' પ્રભાતનો રંગ', 'નાજુક સોપારી' અને ' ઉડતા પાન' કટાક્ષપ્રધાન અને આત્મલક્ષી નિબંધિકા સંગ્રહો છે.એક તેજસ્વી પત્રકાર વિચક્ષણ સાહિત્યકાર વિજયરાય વૈધનું

## રામનારાયણ પાઠક




ગાંધીયુગના સાહિત્યગુરૂ તરીકે ઓળખાતા રામનારાયણ પાઠકનો જન્મ તા. ૮/૪/૧૮૮૭નાં રોજ ગાણોલ (તા.ધોળકા) બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતાનું નામ વિશ્વનાથ પાઠક અને માતાનું નામ આદીતબાઈ હતું. તેમના પિતા શિક્ષકની નોકરી કરતા હોવાથી તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણવિવિધ ગામોમાં મેળવ્યું. ઉચ્ચશિક્ષણ મુંબઈની વિલ્સન કોલેજમાંથી તર્કશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રવિષયો સાથે ઈ.સ.૧૯૦૮માં બી.એ થયા. વિદ્યાકીય ક્ષેત્રમાં કામ કરવાની ભાવના છતાં સરકારી નોકરીન કરવાના સંકલ્પને કારણે મુંબઈમાં ઈ.સ.૧૯૧૧માં એલએલ.બી.ના અભ્યાસ પછી અમદાવાદ આવીવકીલાત શરૂ કરી; પણ ક્ષયરોગનું નિદાન થતાં ઈ.સ.૧૯૧૨માં સાદરામાં સ્થિર થયા. ઈ.સ.૧૯૨૦માંઇન્દુલાલ યાજ્ઞિકના નિમંત્રણથી ગુજરાત ગુજરાત કેળવણી મંડળમાં જોડાઈ જે. એલ. ન્યુઇંગ્લિશ સ્કૂલનું આચાર્યપદ સંભાળ્યું, પરંતુ ગાંધીજીના અસહકાર આંદોલનમાં

મંડાણથતાં, શાળા છોડી ઈ.સ.૧૯૨૧માં ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. ઈ.સ. ૧૯૨૮ સુધી વિવિધવિદ્યાશાખાઓના તેજસ્વી વિદ્વાનોના સંપર્કમાં પ્રમાણશાસ્ત્ર અને ભાષા-સાહિત્યનાઅધ્યાપક તરીકે કામ કર્યું. ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપક તરીકે તેમ જ 'પ્રસ્થાન' માસિકના તંત્રી (૧૯૨૫-૧૯૩૭) તરીકે તેઓ ગુજરાતની નવી સાહિત્કારપેઢીના એવા માર્ગદર્શકબન્યાં કે 'ગાંધીયુગના સાહિત્યગુરુ' તરીકે ઓળખાયા.

રામનારાયણ પાઠકે મુખ્યત્વે વાર્તાકાર, કવિ, વિવેચક અને નિબંધકાર સંશોધક અને સંપાદક તેમ જ અનુવાદક તરીકે માનમાં મેળવી. દ્વિરેફના ઉપનામથી વાર્તાઓ, શેષ ઉપનામથી કાવ્યો અને ' સ્વૈરવિહારી' ઉપનામથી નિબંધો લખ્યા છે. એમના હળવા નિબંધોમાં સૂક્ષ્મ વિનોદવૃત્તિ અને અખા જેવી ઉગ્ર ક્ટાક્ષવૃત્તિના દર્શન થાય છે. ૧૯૨૧માં 'જાત્રાળુ' ઉપનામથી લખેલા 'રાણકદેવી' થી એમની કાવ્યયાત્રાનો થયેલો આરંભ છેક ૧૯૫૫માં લખાયેલા 'સાલમુબારક' સુધી ચાલુ રહ્યો. પહેલા કાવ્યના 'જાત્રાળુ' અને પછીથી એક વખતપ્રયોજાયેલા 'ભૂલારામ' સિવાય એમણે કાવ્યો પરત્વે 'શેષ' ઉપનામ રાખ્યું અને પહેલાકાવ્યસંગ્રહને 'શેષના કાવ્યો' નામ આપ્યું. પહેલી આવૃત્તિમાં માત્ર સડસઠ અનેબીજી આવૃત્તિમાં તોતેર જેટલાં કાવ્યો તથા થોડાંક પ્રકીર્ણ મુક્તકો આદિનેસમાવતો આ સંગ્રહ છે. ઈ.સ.૧૯૨૩ થી 'દ્વિરેફ'ના ઉપનામે લખાયેલી અને ત્રણ સંગ્રહોની કુલચાલીસ વાર્તાઓ આપનાર તેમણે 'દ્વિરેફની વાતો'-ભા. ૧,૨ અને ૩ આપ્યા છે. એમણે 'સ્વૈરવિહાર'ના ઉપનામથી લખવા માંડેલું, તેના બે સંગ્રહો 'સ્વૈરવિહાર'-ભા. ૧ અને 'સ્વૈરવિહાર'-ભા. ૨ નિબંધસંગ્રહ આપ્યા છે.

તેમણે ' બૃહત પિંગળ' મહાગ્રંથ એમની સંશોધન શક્તિનો કીર્તિકળશબની રહ્યો. તેમને નર્મદ સુવર્ણચંદ્રક તથા દિલ્લી સાહિત્ય અકાદમી તરફથી પારિતોષિક એનાયત થયા. બહુશ્રુતતા , વિદ્વતા , વિદ્ગ્ધતા અઅને સહદયતા એમની તેજસ્વી બહુમુખી પ્રતિભાના મુખ્ય લક્ષણો છે. એમનામાં સાક્ષરપેઢી અને ગાંધીયુગના સંસ્કારોનો શુભ સમન્વય થયો હતો. આવા બહુમુખી પ્રતિભા ધરાવનાર પાઠકનું મુબઈમાં હદયરોગના હુમલાથી તા.૨૧/૮/૧૯૫૫ના રોજ અવસાન થયું હતું.

## યશવંત શુક્લ



ગુજરાતી સાહિત્ય, સંસ્કાર જગત, શિક્ષણ સાથે સહેજે અડધી સદીથી સક્રિય રીતે સંકળાયેલા યશવંત શુક્લનો જન્મ તા. ૮/૪/૧૯૧૫ના રોજ ઉમરેઠમાં થયો હતો. પિતાનું નામ પ્રાણશંકર અને માતાનું નામ પરસનબેન હતું. સુરતની કોલેજમાંથી એમ.એ. કર્યા બાદ અમદાવાદની ગુજરાત કોલેજમાં અધ્યાપનકાર્ય કર્યું. ઈ.સ. ૧૯૪૬થી ૫૫ દરમિયાન અમદાવાદની ભો.જે.વિદ્યાભવનમાં અધ્યાપન અને બાદમાં ડીરેક્ટર બન્યા. ઈ.સ. ૧૯૫૫ થી ૧૯૭૮ સુધી એચ.કે. કોલેજ અમદાવાદમાં આચાર્ય થયા. આ સમયગાળા દરમ્યાનમાં ઈ.સ. ૧૯૭૪-૭૫માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ થયા. ઈ. સ.૧૯૭૩ થી ૮૩ સુધી નેશનલ સાહિત્ય અકાદમી ની જનરલ કાઉન્સિલ અને એક્ઝક્યુટીવ બોર્ડના સભ્યપદે રહ્યા. ઈ.સ.૧૯૮૪-૮૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા.

અધ્યાપનકાર્ય ની સમાંતર તેમણે વર્તમાનપત્રોમાં રાજકારણ,શિક્ષણ, સાહિત્ય સંસ્કારપ્રવૃતિઓ અને સાંપ્રત ઘટનાઓ પર પોતાની મૌલિક દ્રષ્ટિથી સેંકડો લેખો લખ્યા. ' કેન્દ્ર અને પરિઘ'( વ્યાખ્યાન અને લેખો), ' ઉપલબ્ધિ' , ' શબ્દાન્તરે'(વિવેચનલેખો), ' ક્રાંતીકાર ગાંધીજી'(વ્યાખ્યાનો) તેમ જ અનુવાદો તેમ જ સંપાદનોના નવેક જેટલા અન્ય પુસ્તકો છે. તેમની ભાષા સરળ છે. તેમાં ક્યારેક તળપદા આવિષ્કારનેસમાવી લેતી જીવંતતા નોંધપાત્ર છે.

તેમણે ઈ.સ.૧૯૩૫માં ચૂનીલાલ વર્ધમાન શાહની નવલકથા ' કર્મયોગી રાજેશ્વર' વિષે પ્રથમ વિવેચનલેખ લખેલો જેનું શિર્ષક હતું ' ગુજરાત નવસો વર્ષ પહેલા' તે સમયથી તેમની વિવેચનપ્રવૃતિની શરૂઆત થઇ હતી. તેમણે વિવેચનાત્મક નિબંધો પણ આપ્યા છે. અંગ્રેજી અને ગુજરાતી એમ બે ભાષાઓ પર તેમનું વર્ચસ્વ સારૂં હતું તેનો લાભ તેમના અનુવાદોને મળ્યો છે. તેમણે ત્રણ અંગ્રેજી પુસ્તકોનો અનુવાદ નોંધપાત્ર છે. હેન્રીક ઇબ્સનના ' લેડી ફ્રોમ ધ સી' નામના નાટકોનો ' સાગરઘેલી' નામે પ્રગટ થયેલો છે. ગુજરાત વિદ્યાસભા સંચાલિત નાટ્યમંદિરે એનો નાટયપ્રયોગ પણ કરેલો. મેકીયાવેલીના ' પ્રિન્સ ગ્રંથનો ' રાજવી' નામે એમને કરેલો અનુવાદ સાહિત્ય અકાદમીએ પ્રગટ કર્યો છે. બટ્રાન્ડ રસેલના ' પાવર' ગ્રંથનો 'સંત' નામે અનુવાદ પ્રકટ થયો છે. તેઓ ખૂબ સારા અને પ્રભાવક વક્તા હતા. ગુજરાતમાં તેમ જ બહારની શિક્ષણ સંસ્થાઓમાં તેમણે અનેક પ્રવચનો આપ્યા હતા. તેમનું અવસાન ૨૩ ઓક્ટોબર ૧૯૯૯ના રોજ થયું હતું.

## છત્રપતિ શિવાજી



ભારતના આઝાદીના પ્રથમ મરજીવા અને લોકશાહીના સફળ રાજ્યકર્તા છત્રપતિ શિવાજીનો જન્મ તા. ૧૦/૪/૧૬૨૭ના રોજ પૂનાથી દક્ષીણે શિવનેરી દુર્ગમાં મરાઠા ઉમરાવ શાહજી ભોસલે અને જીજાબાઇના ઘેર થયો હતો. દાદા કોડદેવે તેમનો ઉછેર કર્યો હતો. દક્ષિણની ગરીબ ખડતલ પણ પીસાતી અને ઉપરાઉપરી લૂંટફાટથી ત્રાસેલી પ્રજાને તેમણે હૂફ અને રક્ષણ આપ્યું. પછીના સમયમાં એક રાજા તરીકે નહી પણ પિતા તરીકે તેમણે પોતાની પ્રજા પર વાત્સલ્યપૂર્ણ વ્યવહાર કર્યો. તેઓ સાહસિક લડવૈયા હતા. પ્રજાને શાંતિ અને સમૃદ્ધિ આપ્યા. માતા જીજાબાઇ અને સંત રામદાસે તેમના જીવનમાં ઘણું આદરપૂર્વક સ્થાન આપ્યું. શિવાજી એ રાજ્યના ઉત્તમ વહીવટ માટે અષ્ટપ્રધાનમંડળની રચના કરી હતી. છઠ્ઠી જુન ૧૬૭૪ના રોજ રાયગઢમાં એમનો રાજ્યાભિષેક થયો અને સેનાપતિ શિવાજી ' છત્રપતિ' બન્યા. સ્વામી રામદાસ તેમના માર્ગદર્શક ગુરૂ હતા. સંત તુકારામનો તેમના પર ખૂબ પ્રભાવ પડ્યો હતો. તેઓ ચારિત્ર્યવાન રાજવી હતા. તેમણે સિંહગઢ , તોરણા,રાજગઢ,કોડાણાના કિલ્લા જીતી મોગલ સેનાપતિની ઊંઘ હરામ કરી નાખી હતી. એમણે આપેલી હિંમત, નૈતિક તાકાત, ભક્તિ અને સર્મપણ ભાવના આજે પણ યાદ રાખવા જેવા છે.પ્રજાની પાસેથી આકરું ત્રાસદાયક મહેસુલ ઉઘરાવતા અમલદારોને જોઈ તેમણે જમીન જાગીર બક્ષીસ આપવાનું બંધ કર્યું. રોકડ નાણું જ પગાર તરીકે આપતા. ખેડૂતોની સ્થિતિ એમના અમલમાં સારી અને સુધારી હતી. એક ઉત્તમ સેનાપતિ, રાષ્ટ્રભક્ત, સફળ

વહીવટકર્તા અને માનવતાવાદી મહાપુરૂષ તરીકે છત્રપતિ શિવાજી સદાય યાદ રહેશે. તેમનું જીવન સાદું,સંયમી અને પરોપકારી બન્યું હતું. તેઓ ૫૩ વર્ષ જીવન જીવી ચોથી એપ્રિલ ૧૬૮૦માં અવસાન થયું.


## નૃત્યાંગના ઈલાક્ષી ઠાકોર



ભરતનાટ્યમની રચનાઓની ગુજરાતી ભક્તિગીતોની સાથે સમન્વય કરી નૃત્યશૈલીને પોતીકી બનાવનાર ગુજરાતી વિખ્યાત નૃત્યાંગના ઈલાક્ષી ઠાકોરનો જન્મ તા. ૧૨/૪/૧૯૩૬ના રોજ પુણેમાં થયો હતો. પિતાનું નામ ઠાકોરદાસ અને માતાનું નામ ધનલક્ષ્મી હતું. બાળપણમાં રંગા વિઠ્ઠલ નામના નૃત્યકાર પાસે નૃત્યની તાલીમ લીધી. ત્યારબાદ નૃત્યયાત્રાનો પ્રારંભ રોહિણીબેનપાસેથી કથક નૃત્યની તાલીમ દ્વારા થયો. ભરતનાટ્યમ નૃત્યમાં રસ પડતાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી મ્યુઝીક કોલેજમાં ઈ.સ. ૧૯૬૦માં તે **M.Mus**ની ડીગ્રી પ્રાપ્ત કરી. અરુણભાઈ ઠાકોર સાથે લગ્નથી જોડાયા પછી ઈ.સ. ૧૯૬૦માં ' નૃત્યભારતી' સંસ્થાની સ્થાપના કરી. તેની શાખાઓ માત્ર ભારતમાં જ નહી પણ અમેરિકા, ન્યુઝીલેન્ડ , કેનેડા અને જાપાનમાં વિસ્તરી ચૂકી છે. લગભગ ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓ તેમની પાસેથી નૃત્યની તાલીમ લીધી છે. તેમણે ગુજરાતી ભાષામાં ભરતનાટ્યમ નૃત્યની રચનાઓ રજૂ કરી છે. કવિ નરસિંહ મહેતા , સરોજીની નાયડુ, મીરાંબાઈ, ન્હાનાલાલ, પ્રેમાનંદ વગેરે ભક્ત કવિઓના કાવ્યોમાં નૃત્યમાં ઉતારી, નૃત્ય તથા સાહિત્ય બંનેને લોકભોગ્ય બનાવ્યા છે. દક્ષિણ ભારતીય પરંપરાગત નૃત્ય શૈલીના માર્ગે ગુજરાતી તેન જ હિન્દી ભાષામાં અનુવાદિત કરી તેને સમજાવવામાં સરળ બનાવ્યું છે. આવા જ નવતર પ્રયોગ દ્વારા અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓની કવિતાઓ ઉપર પણ નૃત્ય સંયોજનો સફળતાપૂર્વક કરેલા છે. નૃત્યક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ તેમણે અનેક સંસ્થાઓ દ્વારા સન્માનવામાં આવ્યા છે. તેમણે ઈ.સ. ૧૯૭૨ થી ગુજરાત સંગીત નાટક અકાદમીના સક્રિય સભ્ય તરીકે સેવા આપી છે.

તેમણે ગુજરાતની અનેક કોલેજોમાં નૃત્યના વિષય માટે વીઝીટીંગ લેકચરર તરીકે પણ સેવાઓ આપી છે. નૃત્યક્ષેત્રે પીએચડી કરી રહેલ વિદ્યાર્થીઓને પણ તેમણે માર્ગદર્શન પૂરું પાડેલ છે. તેમના માર્ગદર્શન હેઠળ શ્રીલંકા, પૂર્વ આફ્રિકા, અમેરિકા જેવા અનેક દેશોમાં ઘણાં બધાં નૃત્યકાર્યક્રમો, વ્યાખ્યાનો તથા નૃત્યશિબિરનું આયોજન થયું છે. તેમણે દુરદર્શન, આકાશવાણી, યુનિવર્સિટીઓ, ગુજરાત ટુરીઝમ વગેરે જગ્યાઓએ વર્કશોપ તથા સેમિનારના સફળ આયોજન કરેલ છે.તેમણે ઈ.સ.૧૯૭૫માં નૃત્યભારતી પરફોર્મીંગ આટર્સ ની સ્થાપના કરી છે. ટેનમાં વિશિષ્ટ પ્રદાન બદલ વડોદરાની નાટ્ય સંસ્થા તરફથી ઈ.સ. ૧૯૭૯માં ' ત્રિવેણી એવોર્ડ' ગુજરાત સરકાર તરફથી ઈ.સ.૧૯૮૧માં ' ગૌરવ પુરસ્કાર', મુંબઈની અમૃત સંસ્થા તરફથી ઈ.સ.૧૯૮૨માં' અમૃતા એવોર્ડ' અને યુએસએન ટેનીસી તફથી ઈ.સ. ૧૯૯૯માં ' પોટલુરી એવોર્ડ થી સન્માનિત કર્યા છે.

## ભોગીલાલ સાંડેસરા



ગુજરાતી વિવેચક,સંપાદકભોગીલાલ જયચંદભાઈ સાંડેસરાનો જન્મ તા. ૧૩/૪/૧૯૧૭ના રોજ પાટણતાલુકાના સંડેરમાં થયો હતો. ઈ.સ.૧૯૩૫માં મૅટ્રિકની પરીક્ષા પાસ કરી. ઈ.સ.૧૯૩૫-૩૭ દરમિયાન 'ગુજરાત સમાચાર' અને 'પ્રજાબંધુ'ના તંત્રીખાતામાં જોડાયા. ઈ.સ.૧૯૪૧માં ગુજરાત કૉલેજમાંથી ગુજરાતી-સંસ્કૃત વિષયોસાથે બી.એ. પાસ કરી ઈ.સ.૧૯૪૩ માં ગુજરાત વિદ્યાસભાના અનુસ્નાતક વર્ગમાંથી એ જ

વિષયોમાં એમ.એ.ની ઉપાધી મેળવી હતી. ઈ.સ.૧૯૪૩ થી ૧૯૫૦ સુધી ભો. જે. વિદ્યાભવન, અમદાવાદમાં અર્ધમાગધીના અધ્યાપક-સંશોધક તરીકેની કામગીરી કરી.. ઈ.સ. ૧૯૫૦માં પીએચ.ડી. થયા. ઈ.સ. ૧૯૫૦ થી ૧૯૭૫ સુધી મ. સ. યુનિવર્સિટી, વડોદરામાં ગુજરાતીવિભાગના પ્રાધ્યાપક અને અધ્યક્ષ તરીકે સેવા આપી. ઈ.સ.૧૯૫૮ થી ૧૯૭૫ સુધી પ્રાચ્યવિદ્યામંદિરના નિયામક.'સ્વાધ્યાય' ત્રૈમાસિકના સંપાદક તરીકે કામગીરી કરી.ઈ.સ. ૧૯૫૫માં નડિયાદમાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદનાપ૯મા અધિવેશનમાં ઇતિહાસ-પુરાતત્વ વિભાગના પ્રમુખ ચૂંટાયા. ઈ.સ.૧૯૫૯માં ભુવનેશ્વરમાં મળેલ અખિલભારત પ્રાચ્યવિદ્યા પરિષદમાં પ્રાકૃત ભાષાઓ તેમ જ જૈન ધર્મના વિભાગના પ્રમુખ અને ઈ.સ.૧૯૬૨-૬૪ દરમિયાન ગુજરાત ઇતિહાસ પરિષદના પ્રમુખ તરીકે સેવા આપી. ઈ.સ.૧૯૫૬-૫૭માં પશ્ચિમ અને પૂર્વનાદેશોનો પ્રવાસ કર્યો. તેમને અનેક પારિતોષિક તથા એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા જેમાં ઈ.સ.૧૯૫૩માં રણજિતરામ સુવર્ણચન્દ્રક. ઈ.સ.૧૯૬૨માં નર્મદ સુવર્ણચન્દ્રક એનાયત થયેલ છે. તેમણે 'પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના' , ઐતિહાસિક શબ્દાર્થશાસ્ત્ર પરનાંપાંચ વ્યાખ્યાનો આપતું 'શબ્દ અને અર્થ' , શોધપ્રબંધ 'મહામાત્ય વસ્તુપાલનુંસાહિત્યમંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો' , પશ્ચિમ અને પૂર્વનીવિદ્યાયાત્રા વર્ણવતું 'પ્રદક્ષિણા' , 'દયારામ' , લેખસંગ્રહ 'સંશોધનનીકેડી' , 'ઇતિહાસ અને સાહિત્ય' , ઇતિહાસ અને સાહિત્યવિષયક લેખસંગ્રહો 'અન્વેષણા' અને 'અનુસ્મૃતિ' , 'મુનિ જિનવિજયજી : જીવન અને કાર્ય' વગેરે એમનાં મૌલિક પુસ્તકો છે. 'વાઘેલાઓનું ગુજરાત' , 'ઇતિહાસની કેડી' , 'જયેષ્ઠીમલ્લ જ્ઞાતિ અને મલ્લપુરાણ' , 'જગન્નાથપુરીઅને ઓરિસ્સાના પુરાતન અવશેષો' , 'જૈન આગમ સાહિત્યમાં ગુજરાત' વગેરેએમનાં ઇતિહાસ-સંસ્કૃતિ-વિષયક પુસ્તકો છે.

## ડૉ.બી.આર.આંબેડકર



ભારતીય બંધારણના ઘડવૈયા તથા દલિતોના મસીહા એવા બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનો જન્મ તા. ૧૪/૪/૧૮૯૧ના દિવસે ઇન્દોરના મહુ ગામમાં અસ્પૃશ્ય ગણાતી એવી મહાર જાતિમા થયો હતો. પિતાનું નામ રામજી સકપાલ અને માતાનું નામ ભીમાબાઈ હતું. નાની વયે પિતાનું

gnanbhandar.com

અવસાન ,બીમાર માતા અને ગરીબાઈ ને કારણે એમને અભ્યાસકાળથી જ આર્થિક ભીંસ, કૌટુંબિક મુશ્કેલી અને પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવો પડ્યો હતો. સમાજની અંધશ્રધ્ધા તથા અસ્પૃશ્યતાને કારણે શાળાકીય જીવન દરમ્યાન અનેક હડધૂત અને અપમાન સહન કર્યા. સ્નાતક થયા પછી ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થઈ શકે તેવી સ્થિતિ ન હતી. એ સમયે તેમની ઉજ્જવળ કારકીર્દીને નજર સમક્ષ રાખીને વડોદરાના શિક્ષણ પ્રેમી રાજવી સયાજીરાવ ગાયકવાડની આર્થિક સહાયથી ઉચ્ચ શિક્ષણાર્થે અમેરિકા જઈ ત્યાંની કોલંબિયા યુનિવર્સિટીમાં 'બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ ' વિષય પર મહાનિબંધ રજૂ કરી પી.એચ.ડીની પદવી પ્રાપ્ત કરી છે. આવી જવલંત વિદ્યાકીય કારકીર્દી હોવા છતાં પણ હિન્દુ સમાજ તરફથી અપમાનના કડવા ઘૂંટ જ મળ્યા. વડોદરા સરકારે સંરક્ષણ મંત્રીનો હોદ્દો આપ્યો, આવા સ્થાને પણ તેમને તિરસ્કાર, અપમાન અને અસ્પૃશ્યતાનો જ અનુભવ થયો હતો. વડોદરા છોડી મુંબઈ આવી સિડનહોમ કોલેજમાં નોકરી સ્વીકારી.તેઓ સ્વતંત્ર ભારતના સર્વપ્રથમ કાયદાપ્રધાન બન્યા. ભારતીય બંધારણની રચના કરી.

ભારતના બંધારણના ઘડવૈયા ડો. આંબેડકરે ભારતીય નાગરિકોને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાના મૂલ્યોની ભેટ આપી.ડો. આબેડકરની દલિત હકો માટેની ચાલનારી આજીવન સંઘર્ષયાત્રા અહીંથી શરૂ થઈ હતી. એમની રાહબરી હેઠળ મહાડનો જળ સત્યાગ્રહ થયો. જે સદીઓથી અંધશ્રધ્ધા અને અજ્ઞાનતાના અંધકારમાં અથડાતા અંત્યજનોને માણસ સાથે માણસની જેમ વર્તવાની પ્રેરણારૂપ છે. પછાત જાતિઓનો ઉપહાસ કરનાર ધર્મગ્રંથ 'મનુસ્મૃતિ'ની જાહેરમાં હોળી કરી અને 'મૂક નાયક' મરાઠી છાપુ શરૂ કરી દલિત સમાજની સમસ્યાઓને ઉજાગર કરવાનો પ્રારંભ કર્યો હતો. સમગ્ર દલિત વર્ગના રાહબર બનેલા ડો. બી.આર. આંબેડકર માત્ર આપણા મુક્તિદાતા જ ન હતા પરંતુ પ્રેરણા સ્ત્રોત પણ હતા. ભારતના ઈતિહાસમાં ડો. આંબેડકરે એમના તેજસ્વી વ્યક્તિત્વ, મૂલ્યનિષ્ઠા અને સેવા દ્વારા ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જ્યા સુધી માનવજાતના ઈતિહાસમાં અસમાનતા,શોષણ, દમન, અત્યાચાર અને અનાચાર રહેશે અને તેની સામેનો સંઘર્ષ ચાલુ રહેશે ત્યાં સુધી ડો. બી.આર. આંબેડકરનુ નામ અમર રહેશે. ડો. બી.આર. આબેડકરનુ જીવન પણ ભારતના દબાયેલા, કચડાયેલા વર્ગને સ્વમાનભેર જીવવાનો જીવનમંત્ર આપે છે. દેશની એકતા અને અખંડિતતાના સાચા હિમાયતી એવા મહાન ક્રાંતિકારી અને ભારત રત્ન ડો. બી.આર, આબેડકરનું ૬ ડીસેમ્બર ૧૯૫૬ના રોજ અવસાન થયું.


## કવિ મનહર મોદી



મન હરિ લેતી ગઝલોના ગુજરાતી કવિ મનહર મોદીનો જન્મ તા.૧૫/૪/૧૯૩૭ના રોજ અમદાવાદમાં થયો હતો. પિતાનું

નામ શાંતિલાલ અને માતાનું નામ તેમણે ઈ.સ.૧૯૬૨માંઅર્થશાસ્ત્રઅને આંકડાશાસ્ત્ર વિષયો સાથે બી.એ. થયા. ઈ.સ. ૧૯૬૪માં ગુજરાતી-સંસ્કૃત વિષયો સાથેબી.એ. અને ઈ.સ.૧૯૬૬માં એ જ વિષયોમાં એમ.એ.પાસ કર્યું. ઈ.સ.૧૯૫૬ થી ૧૯૫૮ સુધી ટેક્ષ્ટાઈલ ડિઝાઈનસેલ્સમૅન તરીકે નોકરી કરી હતી.ઈ.સ.૧૯૫૮ થી ૧૯૬૬ સુધી વેસ્ટર્ન રેલવેમાં ટિકિટકલાર્ક તરીકે નોકરી કરી હતી.ઈ.સ.૧૯૬૬માં ભવન્સકૉલેજમાં અને પછી ડાકોરમાં વ્યાખ્યાતા. અત્યારે ભક્ત વલ્લભ ધોળા આર્ટસ ઍન્ડ કોમર્સકૉલેજઅમદાવાદમાં ગુજરાતીના અધ્યાપક બન્યા. તેઓ નિરીક્ષક અને ઉદગાર ના તંત્રીપદેરહ્યા હતા. તેમનો 'આકૃતિ' એમનો પહેલો કાવ્યસંગ્રહ છે. એમનો બીજો 'ઓમ તત્ સત્' નામક કાવ્યગ્રંથઅત્યંત પ્રયોગશીલ છે. એમની લગભગ બધી જ ગઝલોને સમાવતો સંચય ૧૧ દરિયા પ્રગટ થયોછે. એમની રચનારીતિથી ગુજરાતી ગઝલને નૂતન પરિવેશ મળ્યો છે. અત્યંત પ્રયોગશીલતામાંસરી પડેલી એમની ગઝલ પછીથી પરંપરા અને પ્રયોગનો સુભગ સમન્વય સાધે છે. હસુમતી અનેબીજા માં એમની લાક્ષણિક રચનાઓ સંગૃહીત છે. એમણે રે કવિમિત્રો સાથે ગઝલઉસને છેડી તેમ જ ચિનુ મોદી અને આદિલ મન્સૂરી સાથે ગાઈ તે ગઝલ જેવંસંપાદનો આપ્યાં છે. સુરેશ જોશી : મૂલ્યાંકન ,ગદ્યનું કલાસ્વરૂપ , અધીત - ૧૦-૧૧-૧૨,વિવેચનના વિવિધ અભિગમો અને ગુજરાતીના અધ્યાપકોનો માહિતીકોશ (૧૯૮૮)એમનાં સહસંપાદનો છે.


## ઝીણાભાઈ દેસાઈ




ગુજરાતી કવિ,વાર્તાકાર,નવલકથાકાર,નાટકકાર,ચરિત્રકાર,આત્મકથાકાર,સંપાદક ઝીણાભાઈ દેસાઈનો જન્મ તા. ૧૬/૪/૧૯૦૩ના રોજ વલસાડ જિલ્લાના ચીખલીમાં થયો હતો. પિતાનું નામ રતનજી દેસાઈ અને માતાનું નામ કાશીબેન હતું. ઈ.સ.૧૯૨૦માં મૅટ્રિકનો અભ્યાસ અધૂરો છોડી અસહકારની લડતમાં સામેલ થયા. ઈ.સ.૧૯૨૧માં ગૂજરાતવિદ્યાપીઠમાંથી વિનીત થયા. ઈ.સ.૧૯૨૬માં રાજ્યશાસ્ત્ર વિષય સાથે સ્નાતકની પરીક્ષા પાસ કરી. ઈ.સ.૧૯૨૬-૨૮દરમિયાન ત્યાં જ ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના અધ્યાપક તરીકે જોડાયા. ઈ.સ. ૧૯૩૨-૩૩ માં બેએક વર્ષ જેલવાસ ભોગવ્યો હતો. ત્યારપછી ઈ.સ.૧૯૩૪માં મુંબઈમાં વિલેપાર્લેની રાષ્ટ્રીય શાળામાં આચાર્ય થયા.ઈ.સ.૧૯૩૮માં શેઠ ચીમનલાલનગીનદાસ વિદ્યાવિહાર,અમદાવાદમાં આચાર્ય અને નિયામક બન્યા. ઈ.સ.૧૯૬૧માં ઉત્તમ શિક્ષક તરીકેરાષ્ટ્રપતિ ઍવૉર્ડ એનાયત થયો હતો. ત્રણેકવાર ગુજરાતી યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે સેવા આપી હતી.ઈ.સ.૧૯૭૨માંમદ્રાસમાં ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પસંદગી થઇ.ઈ.સ.૧૯૬૭નો રણજિતરામ સુવર્ણચન્દ્રકતેમ જ ઈ.સ. ૧૯૮૫ નો નર્મદચન્દ્રકએનાયત થયો હતો. સોનેરીચાંદ રૂપેરી સૂરજ, કેવળવીજ અને સનરાઈઝ ઑન સ્નૉપીક્સ જેવાહાઈકુસંગ્રહો રસપ્રદછે.સોનેરી ચાંદ રૂપેરી સૂરજ એઝીણાભાઈ દેસાઈ, સ્નેહરશ્મિ નો ૩૫૯ હાઈકુ અને ૬ ટૂંકા કાવ્યો સમાવતો હાઈકુસંગ્રહછે. .આ ઉપરાંત તેમણે તરાપો અને ઉજાણી એમના બે બાળકાવ્યોના સંગ્રહો છે. સકલ

કવિતા એમની ઈ.સ.૧૯૨૧ થી ૧૯૮૪ સુધીની તમામકાવ્યરચનાઓનો સમસ્તગ્રંથ છે. ગાતા આસોપાલવ , તૂટેલા તાર , સ્વર્ગ અને પૃથ્વી , મોટીબહેન , હીરાનાં લટકણિયાં , શ્રીફળ , કાલાટોપી , સ્નેહરશ્મિની શ્રેષ્ઠ વાર્તાઓ વગેરે એમના વ્યક્તિત્વ તો ઊપસે જ છે,સાથે સાથે તત્કાલીન રાજકીયલ સામાજિક અને શૈક્ષણિકવ્યવસ્થાનો અણસાર પણ સાંપડે છે;તેમ જ એમની કેટલીક કૃતિઓના જીવનસંદર્ભોની સામગ્રીનોપરિચય થાય છે. મારી દુનિયા ૧૯૨૦ ની આસપાસ અસહકારની લડત આગળ શાળાજીવનની વિદાય સાથેપૂરી થાય છે;તો સાફલ્યટાણું અસહકારના આહવાનથી શરૂ થઈ ૧૯૩૩ ની આસપાસ સમાપ્ત થાયછે. તેર વર્ષની આ કથામાં ગાંધીજીનો,ગાંધીજીપ્રેર્યા વાતાવરણનો,ગાંધીજીની આસપાસનીવ્યક્તિઓનો અને આઝાદીની લડતનો દસ્તાવેજી પ્રત્યક્ષ ચિતાર છે.

## રામલાલ પરીખ



બુનિયાદી શિક્ષણમાં મહત્વનું પ્રદાન કરનાર અને પૌઢશિક્ષણને જીવનનું ધ્યેય બનાવનાર ગુજરાત વિધ્યાપીઠના કુલપતિ રામલાલભાઈ નો જન્મ તા.૧૮/૪/૧૯૨૭ના રોજ અમદાવાદમાં થયો હતો. તેઓ ‘ ઈતિહાસ અને પ્રાચીન સંસ્કૃતિ વિષય સાથે એમ.એ થયા. ત્યારપછી ‘ પત્રકારત્વ અને આર્ક્યોલોજી’ના વિષયમાં ડીપ્લોમાં પ્રાપ્ત કર્યો. યુવાનવયે વિદ્યાર્થી કોગ્રેસ અને યુવક કોંગ્રેસના નેતા તરીકે તેમણે મહત્વની કામગીરી બજાવી હતી. યુવક પ્રવૃત્તિ માટે દેશભરમાં ફરવાની જવાબદારી આવતાં તેઓ ઈ.સ.૧૯૫૬માં દિલ્લી ગયા. પાંચ વર્ષ સુધી ભારતભરમાં પ્રવાસ કરીને તેમણે દરેક પ્રાંતમાં યુવક કોંગ્રેસના સંગઠનને મજબૂત કર્યું. દેશભરમાં યુવકો માટે યુવકો રાષ્ટ્રીય શિબિરો, શ્રમશિબિરો, મેલા જેવા સંખ્યાબંધ્ધ કાર્યક્રમ યોજી તે દ્વારા યુવક પ્રવૃતિઓમાં જુવાળ ઉભો કર્યો હતો.ઈ.સ. ૧૯૪૨માં ‘ હિંદ છોડો’ ચળવળથી ગાંધી રંગે રંગાયેલ એ ખૂબ સક્રિય થયા. વડોદરાનું તેમનું નિવાસ સ્થાન ચળવળનું એક કેન્દ્ર બની રહ્યું. ઈ.સ. ૧૯૪૪માં મુંબઈમાં તેમણે ગાંધીજીનું પ્રવચન સાંભળ્યું ત્યારથી ખૂબ પ્રભાવિત થયેલા અને આજીવન ગાંધીભક્ત બની રહ્યા. ઈ.સ. ૧૯૫૨માં તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે જોડાયા હતા. પણ પાછળથી મોરારજીભાઈ દેસાઈએ તેમનેવિદ્યાપીઠનું સંચાલન સોપ્યું. ત્યારથી વિદ્યાપીઠની વિદ્યાકીય પ્રવૃતિઓને ખૂબ વેગ મળ્યો. આ સમગ્ર કાર્યમાં રામલાલભાઈનો સિંહફાળો છે. વિદ્યાપીઠમાં ઉચ્ચ શિક્ષણ સાથે ગ્રામવિકાસ અને સમાજસેવાની પ્રવૃતિઓને પણ તેમણે મહત્વ આપી વેગ આપ્યો. ઈ.સ.૧૯૬૧માં ગુજરાત વિદ્યાપીઠમાં મગનભાઈ દેસાઈએ રાજીનામું આપતાં એ હોદ્દા પર મોરારજીભાઈ દેસાઈએ રામલાલ ભાઈને વિધ્યાપીઠના મહામાત્ર નીમ્યા હતા. ગાંધીજીની આ ઉજમાળી સંસ્થાના મહાપાત્ર અને ટ્રસ્ટીબનતા તેઓ વિદ્યાપીઠનાશિક્ષકકાર્યમાં ખૂપી ગયા. રામલાલભાઈનું વ્યક્તિત્વ વિશાલ અને વિકાસશીલ હતું. જગતના

અનેક દેશોની યુવાક્પ્રવૃતી અને શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે તેઓ સંકળાયેલ હતા.

ઈ.સ. ૧૯૭૦ના અરસામાં કોંગ્રેસના ભાગલા પડ્યા ત્યારે પણ તેઓ મોરારજીભાઈની સાથે જ રહેલા. ઈ.સ. ૧૯૭૫માં તેઓ કોંગ્રેસ તરફથી રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે ઈ.સ.૧૯૮૧ સુધી આ સભ્યપદ શોભાવ્યું હતું. શ્રીમતી ઇન્દિરા ગાંધીએ ઈ.સ. ૧૯૭૫માં દેશમાં કટોકટી જાહેર કરીને મીસા હેઠળ વિરોધી રાજકીય અગ્રણીઓની ધરપકડ કરવાનું શરૂ કરેલું. શ્રી રામલાલભાઈ ને તેમના પત્ની પદ્માબેન ૯ મી ઓગસ્ટ ૧૯૭૬ના રોજ ગુજરાત કોલેજમાં વિનોદ કોનારીવાલાના સ્મારક ઉપર પુષ્પાજલી અર્પણ કરવા ગયા ત્યારે ત્યાં પોલીસે તેમની ધરપકડ કરી હતી. તેઓ ઈ.સ.૧૯૮૩ થી ૯૬ સુધી તેઓ ગુજરાત વિધ્યાપીઠના કુલનાયક રહેલા અને એ જ વર્ષે મોરારજીભાઇ દેસાઈનું અવસાન થતાં તેમની વરણી કુલપતિપદે માટે થઇ હતી. જે તેમણે આયુષ્યના અંત સુધી નિભાવી હતી. વિશ્વના લગભગ ૩૮ દેશોમાં ફરીને ગાંધીવિચાર વિષે વ્યાખ્યાનો આપ્યા હતા. ‘ વિશ્વ ગુર્જરી એવોર્ડ સહિત અનેક એવોર્ડ પ્રાપ્ત કરનાર રામલાલભાઈ પરીખનું અવસાન ૨૯ નવેમ્બર ૧૯૯૯નારોજ થયું હતું.

## ચંપકલાલ નાયક

ગુજરાતના સુપ્રસિદ્ધ પુષ્ટિમાર્ગીય કીર્તનકાર ચંપકલાલનો જન્મ તા. ૧૯/૪/૧૯૦૯ના રોજ પાટણમાં થયો હતો. તેમના પિતા છબીલદાસ બે પેઢીથી દ્વારકાધીશ મંદિરમાં કીર્તનકાર હતા. પોતાને ત્યાં ગામ પરગામથી આવતાં સુપ્રસિદ્ધ કીર્તાન્કારોને સાંભળવાનો તેમણે લ્હાવો મળતો હતો. પિતાની સાથે મંદિરે જતા. તેમના કાને સંગીતના સતત સંસ્કારો પડ્યા હતા. તેમણે પુંજીરામ નામના ઉસ્તાદ દ્વારા મૃદંગીની ખાસ તાલીમ આપવામાં આવી હતી અને ત્યારબાદ એક પખવાજી તરીકે તેઓ મંદિરમાં સામેલ થયાં. સંગીતને પ્રોત્સાહન માટે મહારાજા સયાજીરાવ વડોદરા રાજ્યમાં ચાર સંગીતશાળાઓ સ્થાપી હતી. તેમાંથી એક પાટણમાં પણ ગતિ. ચંપકલાલ અગિયાર વર્ષની વયે તેમાં દાખલ થયા ત્યારબાદ મહેસાણા અને વિસનગરના મંદિરોમાં કીર્તનકાર તરીકે સેવાઓ આપીને તેઓ અમદાવાદમાં સ્થિર થયા. અમદાવાદમાં લીનાબ્હેન મંગળદાસની કુટુબશાળામાં પણ સંગીત શીખવ્યું. તેમણે અમદાવાદમાં ભાતખંડે સંગીતપદ્ધતિનું વિદ્યાલય દ્વારા શરૂ કરવાની ઈચ્છા થઇ. પરિણામે ભાતખંડે સંગીત મહાવિદ્યાલયનો પ્રારંભ થયો.

ચંપક્લાલજી અમદાવાદમાં આકાશવાણી ઉપરથી કાર્યક્રમ આપતા હતા. ઈ.સ. ૧૯૬૫માં’ ગોવિંદસ્વામી’ નામે ફિલ્મમાં તેમણે અકબરની ભૂમિકા કરી હતી તેમ જ સંગીત નિર્દેશન પણ કર્યું હતું. તેમણે અનેક સ્થળોએ સંખ્યાબંધ કાર્ક્મો આપ્યા હતા. સંગીતની સાધના ઉપરાંત તેનો પ્રસાર કરવા માટે તેમણે ‘ અષ્ટ્છાપીય ભક્તિસંગીત’ સહિતના ૧૬ ગ્રંથોની રચના કરી હતી. ગુજરાતીના સુપ્રસિદ્ધ ગાયક ચંપકલાલ નાયક પાંચમી ડીસેમ્બર ૧૯૯૮ના રોજ અવસાન થયું.

## માધવરામાનુજન



ગુજરાતી કવિમાધવરામાનુજનો જન્મ તા. ૨૨/૪/૧૯૪૫ના રોજ પચ્છમ (જિ. અમદાવાદ)માં થયો હતો.પિતાનું નામ અમદાવાદની સી.એન. કૉલેજમાં કલાનું શિક્ષણ મેળવ્યું. ઈ.સ.૧૯૬૯માં 'અખંડઆનંદ' સામયિકના તંત્રીવિભાગમાં રહ્યા. ઈ.સ.૧૯૭૦ થી૧૯૭૩ દરમિયાન આર.આર. શેઠની કંપનીનાં પ્રકાશનોનાં મુખ્યપૃષ્ઠચિત્રોના કલાકાર તરીકેકામગીરીઓધવદાસ અને માતાનું નામ ગંગાબા હતું. નાની વયે પિતાની છત્રછાયા ગુમાવી હોવાથી શિક્ષણ અનિયમિત અને વિવિધ સ્થળોએ લીધું હતું. અમરાપુરની ઉત્તર બુનિયાદી સંસ્થા ' ગ્રામ ભારતી'માં પૂરું કર્યું. આ સમયગાળા દરમ્યાન સાહિત્ય રસ જાગ્યો. ઈ.સ. ૧૯૭૩માં કરી. ઈ.સ.૧૯૭૩ થી અદ્યપર્યંતસી.એન.ફાઈન આર્ટસ કૉલેજના ઍપ્લાઈડ આર્ટવિભાગમાંઅધ્યાપક ત્યારબાદ આચાર્ય બની નિવૃત થયા. .

તેમને અનેક વિષયોમાં રસ હતો. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'તેમ' છે. અને બીજો કાવ્યસંગ્રહ ' અક્ષરનું એકાંત' આપ્યા છે. ત્યારપછી ' પિંજરાની આરપાર' અને ' સૂર્યપુરૂષ' બે બાયોગ્રાફીક્સ નોવેલ લખી છે. એક ટેલીફિલ્મ ' રેવા', ' તમે' તથા 'પિંજરાની આરપાર' નવલકથા માટે ગુજરાત સાહિત્ય અકાદમી તથા સાહિત્ય પરિષદ તરફથી એવોર્ડ મળ્યા છે.

## સ્વામી સચ્ચિદાનંદજી



મહાન સમાજસુધારક , ધર્મચિંતક એવા સ્વામી સચ્ચિદાનંદજીનો જન્મ ચૈત્રવદ બીજને તા.૨૨/૪/૧૯૩૨ના રોજ પાટણ જીલ્લાના મોટી ચંદુર ગામમાં થયો હતો. પિતાનું નામ મોતીલાલ ત્રિવેદી અને માતાનું નામ વાલીબહેન હતું. તેમનું મૂળ વતન તો મુજપુર હતું. તેમના પિતા વ્યવસાયે શિક્ષક હતા. માત્ર ત્રણ વર્ષની વયે પિતા અને બાર વર્ષની વયે માતાની છત્રછાયા ગુમાવી હતી. પ્રાથમિક શિક્ષણ મુજપુર, કુવાર્જ અને શંખેશ્વરમાં લીધું હતું. માત્ર ૧૯ વર્ષની નાની વયે વૈરાગ્યની તીવ્ર ધૂનમાં માત્ર સવા રૂપિયો લઈને એમને ગૃહત્યાગ કર્યો. ઈ.સ. ૧૯૫૫માં કાશીમાં અભ્યાસ કર્યો. ઈ.સ. ૧૯૫૬માં પંજાબના ફીરોજપુરમાં સ્વામી મુક્તનંદજી પાસે સન્યાસ દીક્ષા ગ્રહણ કરી. ઈ.સ. ૧૯૬૬માં ' વેદાન્તચાર્ય ( શાંકરવેદાંતના મુખ્ય વિષય સાથે ) બનારસ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. ઈ.સ.૧૯૬૮માંસમગ્ર ભારતની પ્રદક્ષિણા કરી.

સ્વામી સચ્ચિદાનંદજીએ ઈ.સ. ૧૯૬૯માં સંવત ૨૦૨૫ને મહાસુદ પાંચમને એટલે કે વસંતપંચમીના રોજ વાળીનાથ મંદિરના મહંત શ્રી બળદેવગિરીજીના વરદ હસ્તે પેટલાદ નજીક આવેલા દંતાલીમાં શ્રી ભક્તિ નિકેતન આશ્રમની સ્થાપના કરી. અને ત્યાં પોતાની કર્મભૂમિ બનાવી. અને આથી તેઓ દંતાલીવાળા ઓળખાય છે. તેમણે દેશભ્રમણ દરમ્યાન ભૂખ, વેદનાઓ અને કાયમી ગરીબાઈનો ઉત્કટ

અનુભવ થયેલો અને એને કારણે આશ્રમમાં માનવીની તન અને મનની માવજત થાય તેવા રચનાત્મક કાર્યોની શરૂઆત કરી. સ્વામીજીએ જાહેરજીવનને પોતાના તન,મન અને ધનથી વિશિષ્ટ અર્પણ કર્યું છે. તેમણે કોબા અને ઊંઝા ખાતે સાધનાશ્રમની સ્થાપના કરી જેમાં વૃધ્ધો પોતાનું જીવન આનંદમય રીતે ગુજારે છે. સ્વામીજીના ટ્રસ્ટતરફથી શૈક્ષિણક, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક સંસ્થાઓને ઉદાર હાથે દાન અપાય છે. તેમણે અનેક દેશોનો પ્રવાસ કર્યો છે. ઈ.સ.૧૯૭૩માં મહર્ષિ કણાદ ગુરૂકુળ માધ્યમિક શાળાઓને અને છાત્રાલય સૂઈ ગામમાં સ્થાપના કરી છે. તેમણે અનેક પુસ્તકો પણ લખ્યા છે. જેમાં ' સંસાર રામાયણ અને શ્રી કૃષ્ણલીલા રહસ્ય', 'પ્રશ્નોના મૂળમાં', શું ઈશ્વર અવતાર લે છે', ભારતમાં અંગ્રેજોનાં યુધ્ધો' વગેરે પુસ્તકો લખ્યા છે. ઈ.સ.૧૯૮૬માં ' મારાં અનુભવો' નામે એમને ૯૧ પ્રકરણોમાં વિસ્તરેલી આત્મકથામાં પોતાના ગૃહત્યાગ પછીના વિશિષ્ટ અનુભવોને વર્ણવ્યા છે. એમાં બ્રહ્મચર્ય,ગુરુપ્રથા, અંધશ્રદ્ધા, વર્ણાશ્રમ, ચમત્કારો, સેવાપ્રવૃત્તિ જેવા વિવિધ વિષયો પરનું એમનું ચિંતન સરસ રીતે વણાઈ ગયું છે. ' મે ઈશ્વરને જોયો નથી પણ તેની કૃપાનો અસંખ્યવાર અનુભવ કર્યો છે. એમ કહેનાર આ સન્યાસીના એમાં આલેખાયેલ અનુભવો વિશદ અને ચિત્રાત્મક છે. તેઓ પ્રખર અભ્યાસી સાથે સમર્થ ચિંતક છે. આપણી અર્થવ્યવસ્થાની એ ઝીણવટભરી આલોચના કરે છે. એટલી જ રાજકારણમાં પ્રશ્નોનો પણ કરી શકે છે. તેઓ વિવિધ દૈનિકપત્રમાં કટારલેખક છે.

## ૨૩ એપ્રિલ વિશ્વ પુસ્તક દિન




વર્તમાન યુગ એ જ્ઞાન અને માહિતીનો યુગ છે. જ્ઞાનના ફેલાવા માટે જો કોઈ સૌથી વધુ શક્તિશાળી માધ્યમ હોય તો તે પુસ્તકો છે. આજના ઇન્ફર્મેશન યુગમાં પણ પુસ્તકોનું મહત્વ ઓછું થયું નથી. પુસ્તકો જ આ વિશ્વને પ્રેરણા આપી શકે છે. સમજણ, સહનશીલતા અને સંવાદ માટે સામાજિક જાગૃતિનું કામ પુસ્તકો જ કરે છે. પુસ્તકોની મૈત્રી માનવીના જીવનઘડતર પર નિર્ણાયક પ્રભાવ પાડે છે. પુસ્તકોની મૈત્રીમાં પણ સારાનરસાનો ભેદ છે. પુસ્તકો પ્રતિકૂળ સંજોગોમાં આપણા આત્માને સદા જાગૃત રાખી યોગ્ય દોરવણી આપે છે. પુસ્તકો માનવીને ઉત્કૃષ્ટ જીવનજીવવાનું શીખવે છે. સારા પુસ્તકો માનવજીવનનું ઘડતર કરે છે. જ્યારે નરસાં પુસ્તકો જીવનને બરબાદ કરી નાખે છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે " પુસ્તકનું મૂલ્ય રત્નથીય વિશેષ છે. રત્ન બહારથી ચમક આપે છે જ્યારે પુસ્તક તો અંત:કરણને અજવાળે છે." જે વ્યક્તિના ઘરમાં પુસ્તકોનો સંગ્રહ નથી, એ ઘર નથી પણ સ્મશાન છે. જ્યારે સ્વામી વિવેકાનંદ પુસ્તક વિષે કહ્યું છે કે " પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરી રાજ્યમાં પહોચવાનો પરવાનો છે. જે સુખ તમને અનંત સમૃદ્ધિ કે મહેલોમાંથી નહિ મળે શકે તે સુખ ઉત્તમ પુસ્તકોમાંથી મળશે" ૨૩મી એપ્રિલ સમગ્ર વિશ્વ ' વર્લ્ડ બુક એન્ડ કોપીરાઈટ ડે' તરીકે ઉજવાય છે. આ દિવસ વિશ્વ પર્સિદ્ધ સાહિત્યકારો મિગ્યુંએલ લર્વાન્ટીસ, વિલિયમ શેક્સપિયર અને ઇન્કા ગાર્સિલસો-દ-વેગાની જન્મતિથી આવે છે આ ઉપરાંત જગપ્રસિદ્ધ સાહીત્યકારોની પૂણ્યતિથી આવતી હોવાથી યુનેસ્કોએ ૧૫મી નવેમ્બર ૧૯૯૫ના રોજ પેરિસમાં યોજાયેલ કોન્ફરન્સમાં ૨૪ એપ્રિલ ' વિશ્વ

પુસ્તક દિન ' તરીકે ઉજવણી કરવાનું નક્કીન કરવામાં આવ્યું. આ દિવસનો મુખ્ય હેતુ વધુ ને વધુ લોકો શિષ્ટ વાંચન માટે જાગૃતિ તથા પ્રેરણા મળે. ભારતમાં પણ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

પુસ્તક એ એવી વસ્તુ છે કે જેમાં વિશ્વભરનું જ્ઞાન છે. વિશ્વભરની માહિતી સંગ્રહાયેલી છે જે ગમે ત્યારે તે મળી શકે છે. દરેક વ્યક્તિ પોતાનો માનસિક વિકાસ પુસ્તક મારફતે કરી શકે છે. પુસ્તકથી મનુષ્ય પોતાનું એકલવાયું જીવન પણ આનંદથી પસાર કરી શકે છે.સમયના વિશાલ સાગરમાં ઉભી કરવામાં આવેલી દીવાદાંડી એટલે પુસ્તકો. પુસ્તકમાં ગરીબાઈ નડતી નથી તેથી લાલ બહાદૂર શાસ્ત્રીએ કહ્યું છે કે " ગરીબાઈ છે તો શું ? નદીમાં તરીને પણ મિત્રને ત્યાં પુસ્તક વાંચવા જઈશ" મહાન પુરૂશ્હોના જીવનચરિત્ર વાંચીએ તો ખ્યાલ આવશે કે તેઓએ પોતાના જીવનમાં પુસ્તકો થકી જ ક્રાંતિ કરી છે. ગાંધીજીએ રસ્કીનના ' અણ ટુ ધિ લાસ્ટ' પુસ્તકથી જ ભારતમાં સત્યાગ્રહ કરવાની પ્રેરણા મળી હતી. મહાભારત, રામાયણ અને ગીતા જેવા પવિત્ર અને ઉત્તમ ગ્રંથો અનેકના જીવન ચારિત્ર્યનું ઘડતર કરે છે. શ્રીકૃષ્ણની ગીતા તો એક અનંત જ્ઞાન અને નીતિનો આખા વિશ્વમાં અપ્રિતમ નમૂનો છે. આવા ગ્રંથો સમાજશુદ્ધિના સ્પંદનો પેદા કરી સામાજિક પરિવર્તનનું સાધન અન્યા છે. મિલ્ટને સાચું જ કહ્યું છે કે " સારા પુસ્તકો આત્માનું જીવનરક્ત છે. કેમ કે એમાં જીવનનો વિચારસાર રહેલો છે. પુસ્તકોમાં આત્મા હોય છે. જે કદી નાશ પામતો નથી." જ્યારે ગ્લેડસ્ટનને ત્યાં સુધી કહ્યું છે કે " કોઈપણ દેશના નૈતિક્મૂલ્યો પર રાજકારણ કરતાં એક સારા પુસ્તકનો પ્રભાવ વધારે પડે છે. આપણી પ્રાથમિક જરૂરીયાત જેવી કે હવા, પાણી અને ખોરાકની જરૂર પડે છે તેમ પુસ્તકોની પણ વિશિષ્ટ જરૂરીયાત છે. આપણી અંધશ્રધ્ધાને દૂર કરી પ્રેરણાના અમૃતનું પાન કરાવે છે. પુસ્તકો આપણા શિક્ષક અને માર્ગદર્શક છે. પુસ્તકો સાચા અર્થમાં વિદ્યામંદિર છે. જ્ઞાનનો ઝળહળતોરાખી અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી શકીએ છીએ.

## પ્રાણલાલ નાયક



ગુજરાતી રંગભૂમિના મહાન કલાકાર શ્રી પ્રાણલાલ નાયકનો જન્મ તા. ૨૪/૪/૧૯૧૦ના રોજ મહેસાણા જીલ્લાના જગુદણ ગામમાં થયો હતો. તેમના પિતા મણીલાલ નાયક જેઓ ભવાઈના ખ્યાતનામ કલાકાર હતા. બે ગુજરાતી ચોપડીનો અભ્યાસ કરી નવ વર્ષની વયે રંગદેવતાની ઉપાસના શરૂ કરી. માત્ર પંદર વર્ષની નાની વયે મુંબઈ ગુજરાતી નાટક મંડળીમાં સ્ત્રીની ભૂમિકામાં પ્રાણલાલ ભાઈ ખૂબ જ ખીલી ઊઠતા.ગુજરાતનું ગૌરવ સમા નાટ્યકાર શ્રી જયશંકર સુંદરીના તેઓ શિષ્ય હતા. તેમની ૭૭ વર્ષની જીવનયાત્રામાં અનેક વિક્રમો સ્થાપ્યા હતા. ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર, સંગીત નાટક અકાદમીનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ તેમણે પ્રાપ્ત કર્યા છે. તેમણે ૨૨,૪૫૫ નાટ્ય પ્રયોગો દ્વારા હાસ્ય અને કરૂણ રસની છોળો ઉડાડતા રહી ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ઈ.સ.૧૯૮૯માં પોતાનું નામ સુવર્ણ આખરે અંકિત કરી ગુજરાતી રંગભૂમિનો વિજય વાવટો તેમણે લહેરાયો હતો. તેઓ 'કોલેજ કન્યા', કુમળી કલી', 'વિજયા', 'કલ્યાણી', 'મિથ્યાભિમાન', 'મેના ગુર્જરી' અને 'જુગલ જુગારી' જેવા નાટકોમાં તેઓ સોળે કળાયે ખીલી ઉઠ્યા હતા. સ્ત્રી પાત્રમાં તેઓ અજોડ રહ્યા હતા. અભિનય, દિગ્દર્શન અને નિર્માણના ક્ષેત્રે મહત્વનું પ્રદાન આપનાર શ્રી પ્રાણલાલ નાયક ૧૧મી

માર્ચ ૧૯૮૯ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયું હતું.

## ડૉ.પંકજ જોશી

સુપ્રસિદ્ધ ખગોળવિદ, ‘ ફાયર બોલ’ થીયરીથી હવે વિશ્વમાં જાણીતા થયેલા પંકજ જોશીનો જન્મ તા. ૨૫/૪/૧૯૫૪ના રોજ શિહોરમાં થયો હતો. વિજ્ઞાનની એક શાખામાં જગપ્રસિદ્ધ થયેલા વિજ્ઞાની પંકજ જોશી ગુજરાતી માધ્યમમાં ભણ્યા છે. તેમણે એમ.એસ.સી.સુધીનો અભ્યાસ ભાવનગરમાં કરીને પી.એચ.ડી.ની ડીગ્રી મુંબઈ યુનિવર્સિટીમાંથી લીધી. તેમણે ડૉ. જયંત નારલીકર જીવ વિજ્ઞાની પાસે પી.એચ.ડી કર્યું હતું. ગણિતશાસ્ત્રસ્ત્રમાં એમ.એસ.સી.ની ડીગ્રીઓ પ્રાપ્ત કર્યા પછી તેઓ મુંબઈની તાતા ઇન્સ્ટીટયુટ ઓફ ફંટામેન્ટલ રિસર્ચમાં સંશોધન કામ કરી. ઈ.સ. ૧૯૮૧મ બે વર્ષ માટે અમેરિકાની પીટર્સબર્ગ યુનિવર્સિટીમાં વિશેષ અભ્યાસ માટે ગયેલા. ઈ.સ. ૧૯૮૩માંતેઓ તાતા ઇન્સ્ટીટયુટ ઓફ ફંટામેન્ટલરીસર્ચના ખગોળશાસ્ત્ર વિભાગમાં જોડાયા. અને તે જ સંસ્થામાં પ્રોફેસર તરીકે સંશોધન કાર્ય કરી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ સાત સંશોધકોએ પી.એચ.ડી. કર્યુ હતું. તેમનું સંશોધન તારાઓના મૃત્યુની આસપાસ ધૂમતું રહ્યું છે. તારાઓમાં મૃત્યુ વિશેની તેમની ‘ ફાયર બોલ’ થિયરી આખા જગતમાં સ્વીકારી છે. સૂર્ય કરતાં ૧૦ કે ૨૦ ગણા મોટા તારાઓનો અંત આવે ત્યારે શું સ્થિતિ સર્જાય તે વિષય પર તેમનું સંશોધન કર્યું છે અને એક પુસ્તક પણ લખ્યું છે : ગ્રેવીટેશનલ કોલેપ્સ એન્ડ સ્પેટટાઈમ સિગ્યુલાઈટીરીઝ’ . ડૉ. હેકિંગનું પુસ્તક પણ છપાયું છે, એ વાંચીને ડૉ. જોશીએ તેમના સંશોધનની શરૂઆત કરી હતી. ડૉ. હેકીન્ગનું પુસ્તક સંશોધન એમ કહે છે કે તારાનાં મોત બાદ બ્લેક હોલ જ સર્જાય. મતલબ કે દરેક તારો મર્યા બાદ બ્લેક હોલ જ બંને. નાના તારાઓ મૃત્યુ બાદ વ્હાઈટ ડવાર્ક બને છે, પણ બીજા તારાઓનું શું ? અમારું સંશોધન એક ખે છે કે નાના તારાઓ બ્લેક હોલ બને એ વાટ સાચી પણ સૂર્ય કરતાં ૧૦ કે ૨૦ ગણા તારાઓ સંકોચાઈને વિસ્ફોટ પામે છે. તારાઓના ગુરૂત્વાકર્ષણ ભંગાણ તથા વિલય વિશેનું પંકજ જોશીનું સંશોધન આંતરાષ્ટ્રીય પ્રસિદ્ધિ તથા સ્વીકૃતિ પામ્યું છે. તેમનું આ વિષય પરનું અંગ્રેજી પુસ્તક ‘ ગ્લોબલ આસ્પેકટ ઇન ગ્રેવીટેશન એન્ડ કોસ્મોલોજી ‘ ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસની ભૌતિકવિજ્ઞાનની પ્રતિષ્ઠિત સંશોધન પ્રગટ કર્યું. ખગોળવિજ્ઞાન તથા વિશ્વની ઉત્પત્તિ વિષે તેમના એકસોથી વધુ સંશોધનપત્રો વિખ્યાત આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રકાશિત થયા છે. તેઓ અવારનવાર વિજ્ઞાન પર લેખો લખે છે, અને લોકભોગ્ય વ્યાખ્યાનો પણ આપે છે. ભારત તેમ જ વિશ્વના ઘણાં દેશોની યુનિવર્સિટીઓમાં તેઓ મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કામ કરી ચૂક્યા છે. ઘણાં આંતરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય પરિસંવાદોમાં તેમણે પુરસ્કૃત કર્યા છે. તેમણે વિજ્ઞાનના થોડા પુસ્તકો ગુજરાતીમાં પણ લખ્યા છે.

## સોનલ માનસિંગ


Sonal Mansingh

સુપ્રસિદ્ધ ભારતીય નૃત્યાંગના સોનલ માનસિંગનો જન્મ તા.૩૦/૪/૧૯૪૪

gnanbhandar.com

ના રોજ સંસ્કાર અને સંપત્તિ ધરાવતા પરિવારમાં મુંબઈમાં થયો હતો. પિતાનું નામ અરવિંદભાઈ પકવાસા અને માતાનું નામ પૂર્ણિમા પકવાસા હતું. માતા પૂર્ણિમાબહેન તો આગવી સામાજિક પ્રવૃત્તિ ઉપાડી, ક્ષીણ ગુજરાતના ડાંગ જિલ્લામાં ઋતુભરાવિદ્યાપીઠની સ્થાપના કરી હતી અને તેમાં આજીવન સમર્પિત થયા હતા. રૂપ, રંગ અને બુદ્ધ્ધીનો સુમેળ ધરાવતા સોનલે ઉચ્ચશિક્ષણ તો લીધું પરંતુ તેમણે લલિતકલા અને તેમાય નૃત્યકલા પ્રત્યે ખાસ અભિરૂચી હોઈ. સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યનુ વાંચન શરૂ કર્યું. આ સંસ્કારી વાચનથી તેમને લલિતકલાઓ તરફ વિશેષ અભીરૂચીથી ઉત્પન્ન થઇ. તેમણે પધ્ધતિસર નૃત્યની તાલીમ લેવા માંડી.પોતે તેજસ્વી તો હતા જ , વળી ભાષા ઉપર પણ તેમનો કાબૂ હતો એટલે નૃત્યની રજૂઆત સાથે સાથે તે કલાને સમજાવવા માટે પ્રવચનો તેમણે ચીલો પાડ્યો.

તેઓ ૧૮ વર્ષની વયે અનેક વિદેશપ્રવાસ કરી ત્યાના પ્રેક્ષકોને નૃત્યમાં રસ પડે તે માટે નૃત્ય સાથે પ્રવચનનો સિલસિલો શરૂ કર્યો.ઈ.સ.૧૯૬૩માં મુંબઈની એલિફન્ટસ્ટન કોલેજમાંથી જર્મન ભાષાની સ્નાતકની પડવી મેળવી. ગુરૂ કેલુચરણ મહાપાત્ર પાસે તાલીમ લીધી. ઉપરાંત ચેન્નાઈના માયલાપોર ગૌરીઅમ્માં પાસે પરંપરાગત દેવદાસી પ્રથામાં જળવાયેલા ' અભિનય'ની તાલીમ લીધી ત્યારે કુચીપુડીના ગુરૂ વૈપતીચીન્ન સત્યમ પાસેથી જાણકારી મેળવી. ઓડીસીની તાલીમ વેલા ઓરિસ્સાની પુરૂષપ્રધાન નૃત્યશૈલીમાં રસ પડતાં ગુરૂ અનંતચરણ સાઈ પાસેથી તેની થોડી માહિતી મળવી. આમ વિવિધ શાસ્ત્ર્ય નૃત્યશૈલીઓનો પરિચય મેળવ્યો હોવાથી નવી પેઢીને બહોળી જાણકારી એક જ છત્ર નિષે મળે તે માટે ઈ.સ.૧૯૭૭માં દિલ્લી ખાતે ' સેન્ટર ફોર ઇન્ડિયન ક્લાસિકલ ડાન્સ'ની સ્થાપના કરી. સંસ્કૃત સાહિત્ય ઉપરાંત વેદ, ઉપનિષદ તેમ જ બૌદ્ધ તાંત્રિક સાહિત્યની સમજ કેળવી અને ચીલાચાલુ નૃત્યકૃતિઓ કરતાં નવી કૃતિઓનું સંયોજન કરી નૃત્ય રજૂઆતમાં મૌલિક અભિગમ અપનાવ્યો. નૃત્યક્ષેત્રે તેમની જ્વલંત સિધ્ધિઓ બદલ ભરત સરકાર, ગુજરાત સરકાર તેમ જ અન્ય સંસ્થાઓ દ્વારા તેમનું બહુમાન થયું છે. ઈ.સ.૧૯૬૭માં હરિદાસ સંગીત સંમેલન દ્વારા તેમનું સન્માન થયું છે. સંગીત નાટ્ય અકાદમી દ્વારા ઈ.સ.૧૯૬૮માંતેમ જ 'વિશ્વગુર્જરી' સંસ્થા દ્વારા ઈ.સ. ૧૯૮૯માં એવોર્ડ એનાયત થયા. ઈ.સ. ૧૯૯૨માંભારત સરકારે તેમને'પદ્મભૂષણ' પુરસ્કારની વિભૂષિત કર્યા.

## રામનવમી ( ચૈત્ર સુદ નોમ)



ભગવાન વિષ્ણુએ અસુરોનો સંહાર કરવા માટે પૃથ્વી પર મનુષ્યમાં સાતમો અવતાર લીધો હતો. તેમના અવતારમાં શ્રીરામે જીવનમાં મર્યાદાઓનું પાલન કર્યું હતું. અગત્સ સંહિતા અનુસાર ચૈત્ર સુદને નોમ તિથીએ પુનર્વસુ નક્ષત્ર, કર્ક લગ્નમાં જ્યારે સૂર્ય અન્ય પાંચ ગ્રહોની શુભ દ્રષ્ટિ સાથે મેષ રાશિ પર વિરાજમાન હતા ત્યારે ભગવાન શ્રી રામનો માતા કૌશલ્યાની કૂખે જન્મ થયો હતો. આથી આ

દિવસ રામનવમી તરીકે ઉજવાય છે. રઘુકૂળ શિરોમણી મહારાજ દશરથ તથા મહારાણી કૌશલ્યાને ત્યાં બ્રહ્માંડનાયક અખિલેશ સાક્ષાત ભગવાન વિષ્ણુએ પુત્રરૂપમાં જન્મ બપોરના બાર કલાકે લીધો હતો.સૌદર્યનિકેતન, શંખ,ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલ ચતુર્ભૂજધારી શ્રીરામ પ્રગટ થયા ત્યારે માતા કૌશલ્યાને અચરજ થયું. રામનું સૌદર્ય તથા તેજ જોવા છતાં પણ તેમની આંખોને તૃપ્તિ નહોતી થતી. શ્રીરામનો જન્મ અસુરોનો સંહાર કરવા માટે થયો હતો. તેઓ માતાપિતાના આજ્ઞાકારી પુત્ર હતા.અયોધ્યાના રાજકુમાર હોવા છતાં તેમણે માત્ર પોતાના પિતાના વચનને પૂરું કરવા માટે રાજ્યનો ત્યાગ કરીને ૧૪ વર્ષ સુધી પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે વનવાસ ભોગવ્યો હતો. શ્રીરામ ઉત્તમ પુત્ર, ભાઈ, પતિ,મિત્ર અને રાજા હતા. તેમણે રાક્ષસરાજ રાવણનો વધ કરી તેમણે સમગ્ર સંસારને ભયમુક્ત કર્યો હતો. આમ રામનવમીનું પર્વ સમગ્ર દેશમાં ભક્તિભાવ અને ધૂમધામથી મનાવવામાં આવે છે. આ દિવસે અયોધ્યામાં મેળો ભરાય છે. શ્રધ્ધાળુઓ અયોધ્યાની સર્યું નદીને કિનારે પ્રાત:કાળે સ્નાન કરી ને મંદિરોમાં પૂજા અર્ચન કરે છે.ઠેર ઠેર પ્રવચન, રામલીલા, ભજનકીર્તન, સંતોનું પ્રવચન ચાલે છે. રામનવમી વ્રત વિષે એવું કહેવાય છે કે આ વ્રતને નિષ્કામ ભાવથી આજીવન કરવામાં આવે તો સમસ્ત પાપોમાંથી મુક્તિ અને વૈકુંઠમાં સ્થાન મળે છે. રામનવમીના દિવસે ગોસ્વામી તુલસીદાસજી એ રામચરિતમાનસની રચનાનો આરંભ કર્યો હતો.